# સત્યાગ્રહ છાવણી ખાતે રાશન શોપ ડિલર્સના ધરણા






ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે કમિશન સહિતની પડતર માંગણીઓને લઈને રાજયભરમાંથી રેશન શોપ ડિલર્સો આજથી બે દિવસીય ધરણા પર ઉતર્યા છે. સત્યાગ્રહ છાવણી ખાતે રેશન શોપ ડિલર્સ, તલોટ, કોમ્પ્યુટર ઓપરેટર, કેરોસીન રીટેલર્સ સહિત હજ્જારો નાગરીકો એકઠા થયા છે. ભારતના અન્ય રાજયની સરખામણીએ ગુજરાતમાં કમિશનની ટકાવારી ઓછી છે. ત્યારે તાજેતરમાં સરકારે વિધાનસભામાં કમિશનની જે રકમ જાહેર કરી છે તે પણ નાગરીકોને ગેરમાર્ગે દોરે છે. તે ઉપરાંત ૨૦ જેટલી માંગણીઓનો ઘણા સમયથી પડતર છે. જેને પગલે રેશન શોપ ડિલર્સો દ્વારા ધરણા યોજવામાં આવ્યા છે.

ગુજરાતમાં રેશન શોપ ડિલર્સના ધરણામાં મુખ્ય માંગણીઓમાં પ્રતિ કિવન્ટલ અત્યાર સુધી રૂ.૮૫ કમિશન મળતુ હતું, તેમાં રાજય સરકારે રૂ.૨૩ નો વધારો કર્યો છે, તેમાં રૂ.૧૦૮ કમિશન થાય પણ સરકારે કમિશન વધારીને રૂ.૧૨૫ કરવામાં આવ્યું હોવાની જાહેરાત કરતા રેશનીંગના દુકાનદારોમાં આક્રોશ ઉઠવા પામ્યો છે. કારણ કે સરકારે જે વધારો કર્યો છે તેમાં રૂ.૧૭ ઈ-ટ્રાન્ઝેકશનના ખર્ચ પેટે ચુકવાય છે,અને તે પણ કેન્દ્ર સરકાર આપે છે. ડિલર્સની કમિશન પેટે રૂ.૨૦૦ ની માંગણી છે. ત્યારે તાજેતરમાં દિલ્હીમાં કમિશન રૂ.૨૦૦ જાહેર કર્યું છે. હરીયાણામાં પણ રૂ.૧૫૦, કેરાલામાં રૂ.૨૫૦, ગોવામાં રૂ.૨૩૦, મહારાષ્ટ્રમાં રૂ.૧૫૦ અને રાજયમાં રૂ.૧૨૫ કમિશન ચુકવાય છે. ત્યારે ગુજરાતમાં અન્ય રાજયની સરખામણીએ કમિશન ઓછુ ચુકવવામાં આવે છે. તેથી રેશન શોપ ડિલર્સમાં રોષની લાગણી ફેલાઈ છે. તે ઉપરાંત તોલાટને પગાર, દુકાનનું ભાડુ, સહિતની માંગણીઓ વણઉકલી છે. રેશનીંગની દુકાનદારો સરકારી કર્મચારી ના હોવા છતા તેમની સામે એસીબીની ટ્રેપ કરાય છે તેનો પણ વિરોધ કરાયો છે. કોઈ દુકાનમાં ગેરરીતી જણાય તો તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવે છે. ત્યારે રેશન શોપ ડિલર્શ એસોસીએશન દ્વારા પોતાની પડતર માંગણીઓને લઈ સત્યાગ્રહ છાવણી ખાતે બે દિવસીય ધરણાનો કાર્યક્રમ યોજયો છે. જેમાં આજે પ્રથમ દિવસે રાજયભરમાં હજ્જારો નાગરીકો ઉમટ્યા હતા.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ભાઈ, આજે તને માતૃભાષા દિવસનાં ઉજવણીના ભાગરૂપે બોલાવ્યો છે, આજના દિવસે તને ગુજરાતીમાં ગાળો દઈશ...

## સરગાસણ વિસ્તારમાં લાઈટ ડુલ રહેતા નાગરીકો ત્રાહીમામ

### જેટકો દ્વારા સબ સ્ટેશનનું સમારકામ ચાલી રહ્યું હતું

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરને અડીને આવેલા સરગાસણ સહિતના વિસ્તારમાં આજે સવારથી જ લાઈટ ડુલ રહેતા નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા હતા. શિયાળાની પૂર્ણાહુતી અને ગરમીના દિવસોનો પ્રારંભ થઈ રહ્યો છે. નાગરીકોને ગરમીનો અહેસાસ બપોરે થાય છે. પંખા શરુ કરવા પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે.ત્યારે લાઈટ ડુલ થતા ભારે પરેશાની ભોગવવાનો વારો આવ્યો છે. ત્યારે તંત્ર દ્વારા મળતી માહિતી મુજબ આજે સરગાસણ ખાતે આવેલા નો મેન સબ સ્ટેશનની મરામતનુ કામ જેટકો દ્વારા ચાલી રહ્યુ હતું. તો બીજી તરફ ટ્રાન્સમીશનની પણ આંતરીક ખામી ને પગલે લાઈટ બંધ રહી હોવાનું જાણવા મળ્યું છે. સવારથી વિજપુરવઠો બંધ કરી દેવાયા બાદ મોડી સાંજે વિજપુરવઠો ફરીવાર કાર્યરત કરી દેવાયો હતો. પરંતુ જે કારણ હોય તે પણ ન્યું ગાંધીનગરના રહીશોને આજે આખો દિવસ વિજળી વિના પસાર કરવાનો વારો આવ્યો છે. ત્યારે ફલેટમાં રહેતા નાગરીકોની હાલત કફોડી બની ગઈ હતી, તો બીજી તરફ નાના બાળકો અને વડીલો સહિત દર્દીઓને ભારે પરેશાની વેઠવી પડી હતી. જયારે કેટલાક ન્યું વિસ્તારના રહીશોએ દિવસભર પોતાના સગા-સ્નેહીના ઘરે સેકટરોમાં જતા રહ્યા હતા જે લાઈટ આવી ગઈ હોવાના સમાચાર જાણ્યા બાદ ઘરે પરત ફર્યા હતા.

## લકઝરીયર્સ કારમાંથી ચિલોડા પોલીસે દારુ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૨૧ ફોટો

ચિલોડા પોલીસના જવાનો રાત્રીના સમયે ચંદ્રાલા નાકા પોઈન્ટ પર ચેંકીગ કરી રહ્યા હતા.ત્યારે સવારના સમયે પોલીસને બાતમી મળી હતી કે રાજસ્થાન તરફથી એક મહીન્દ્રા એક્સ્યુવી લકઝરીયર્સ કાર દારુ ભરીને ચિલોડા તરફ આવી રહી છે. જેથી પોલીસે બાતમીવાળી કારને રોકવાનો ઈશારો કરતા કાર




ચિલોડા તરફ ભગાડી મુકી હતી, પોલીસે ફિલ્મી ઢબે પીછો કરીને ધણપ અંજલી હોટલ પાસે કાર ઝાડ સાથે અથડાતા ઘાયલ થયેલા બે શખ્સો ઝડપાઈ ગયા હતા અને બે નાસી છુટવામાં સફળ રહ્યા હતા. પોલીસે કારમાંથી બે ઈસમોને બોટલ નંગ-૨૬૬, બિયર નંગ-૪૬, કુલ રૂ.૧,૭૧,૩૮૦ તેમજ એક્સ્યુવી ગાડી રૂ.૫,૦૦,૦૦૦ તેમજ ૩ મોબાઈલ ફોન કિ.૧૫૦૦ મળી કુલ રૂ. ૬,૭૩,૩૮૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ અંગે ગુનોં નોંધી વધુ તપાસ ચિલોડા પીએસઆઈ વી.એમ.દેસાઈ ચલાવી રહ્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ ઈન્સ્પેકટર વાય.આર.વાઘેલા તેમની ટીમના જવાનો હે.કોગણપતજી હિરાજી, પો.કો.પવનસિંહ પ્રતાપસિંહ, પો.કો.દિપકકુમાર રામાભાઈ, તેમજ પ્રકાશસિંહ નવલસિંહ સાથે ચંદ્રાલા નાકા પોઈન્ટ પર ચેંકીગ કરી રહ્યા હતા. ત્યારે સવારના સમયે પીઆઈ વાય.આર.વાઘેલાને ખાનગી રાહે બાતમી મળી હતી કે એક્સ્યુવી કાર ચિલોડા તરફ દારુ ભરીને આવી રહી છે. જેને પગલે પોલીસે કારને રોકવાનો ઈશારો કર્યો હતો. ત્યારે કાર ચાલકે પોલીસના ઈશારાને અવગણીને કાર દોડાવી મુકી હતી. પોલીસે પીછો કરતા એકસ્યુવી કારના ચાલકે ચિલોડા બ્રિજ બની રહ્યો છે, ત્યાંથી ટર્ન લઈ પરત હિંમતનગર તરફ હંકારી હતી પરંતુ ધણપ પાસે અંજલી હોટલ નજીક કાર માર્ગની બાજુમાં આવેલા ઝાડમાં ઘુસી ગઈ હતી જેથી કારમાં સવાર માણસો દોડવા જતા પોલીસે બે શખ્સોને પકડી પાડ્યા અને બે શખ્સો ભાગી છુટવામાં સફળ રહ્યા હતા. પકડાઈ ગયેલા શખ્સોમાં તેજસીંગ સોહનસીંગ રાજપૂત અને મહેન્દ્રસીંગ દુલ્હેસીંગ રાજપૂત બંન્ને ઈસમોને મોં પર ઈજા થઈ છે. જયારે ફરાર થઈ ગયેલા ઈસમોમાં ઉદેપુરનો કારનો ડ્રાઈવર રણવીરસિંહ સિસોદીયા, અને કુલદીપસિંહ દેવડા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ગાડીમાંથી વિદેશી દારુની ૨૬૬ બોટલ અને બિયરની ૪૬ બોટલ મળી કુલ રૂ. ૧,૭૧,૮૮૦ તેમજ રૂ. ૫ લાખની કાર ત્રણ મોબાઈલ મળી કુલ રૂ. ૬,૭૩,૩૮૦ ની કિંમતનો મુદ્દામાલ ઝપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં પોલીસે પુછતાછ કરતા ગાડીમાં દારુનો જથ્થો ડ્રાઈવર રણવીરસિંહ ઉદેપુરથી લાવ્યો હતો અને વૈષ્ણોદેવી સર્કલ પાસે કોઈ બુટલેગરને આપવાનો હતો. પરંતુ રણવીરસિંહ પકડાયા બાદ વધુ વિગત બહાર આવશે.




કેન્દ્રીય પ્રવાસન મંત્રી શ્રી કે. જે. આલ્ફોર્ન્સના અધ્યક્ષ પદે યોજાયેલ રાષ્ટ્રીય પર્યટન સલાહકાર પરિષદની બેઠકમાં રાજ્યના પ્રવાસન અગ્ર સચિવ એસ. જે. હૈદરે સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાતના ૫૦ લાખના લક્ષ્યાંકને કેવી રીતે પૂરો કરાશે તેની વિગતવાર છણાવટ કરી હતી.

## અભિવ્યક્તિની સચોટ રજૂઆત કેવળ માતૃભાષા જ કરી શકે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં આજે વિવિધ સંસ્થાઓ ખાતે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ભાષાવિદ્દોના વકતવ્યો યોજાયા હતા.

**● ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સે. ૨૦**

ગાંધીનગરના સેક્ટર-૨૦માં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં અતિથિ વિશેષપદે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાના ઉપાધ્યક્ષ અને યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ હર્ષદભાઈ શાહ તથા રજીસ્ટ્રાર ડૉ. કમલા મણીરાવ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંગીત શિક્ષક હાર્દિક ભટ્ટ દ્વારા ઉમાશંકર જોષી રચિત ‘‘સદા સૌમ્ય શ્રી વૈભવે ઉભરતી’’ ગીતની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં હર્ષદભાઈ શાહે કહ્યું કે ‘‘અભિવ્યક્તિની સચોટ રજુઆત કેવળ માતૃભાષામાં જ હોઈ શકે છે.’’

**● સરસ્વતી વિદ્યાલય, સે. ૬**




શહેરના સેક્ટર-૬ સ્થિત સરસ્વતી વિદ્યાલય ખાતે યોજાયેલ



માતૃભાષા દિવસની ઉજવણીમાં વિદ્યાર્થીઓ માટે સ્વરૂચિ વકતવ્ય, કાવ્ય પઠન, કાવ્ય ગાન વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યએ બાળકોને માતૃભાષાનું મહત્વ સમજાવ્યુ હતુ.

**● વિશ્વકર્મા એન્જિ. કોલેજ**

ગાંધીનગર પાસેના ચાંદખેડા ખાતેની વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીની કાર્યક્રમમાં કોલેજના આચાર્યા ડૉ. રાજુલ ગજ્જરે વિદ્યાર્થીઓને જણાવ્યુ હતુ કે ‘‘માતૃભાષા આપણા નક્કર અને અપૂર્ણ વારસાને સાચવવા તથા વિકસાવવામાં સૌથી શક્તિશાળી માધ્યમ છે.’’ આ કાર્યક્રમમાં ડૉ. વશીમ કુરેશીએ જણાવ્યું હતું કે ‘‘વિશ્વમાં ૬ હજાર જેટલી ભાષાઓ બોલાય છે જેમાંથી ૪૩ ટકા જેટલી ભાષા નાશ થવાના આરે છે અને ડિજિટલ વિશ્વમાં સો કરતા ઓછી ભાષાનો ઉપયોગ થાય છે. પ્રો. એમ.ટી. સાવલિયાએ વિદ્યાર્થીઓને હરિવંશરાય બચ્ચનના સાહિત્ય આધારિત કેસ સ્ટડી રજૂ કરવા વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા.

## સિરીયલ કિલરને પકડવા પોલીસ અંધારામાં ફાંફા મારે છે

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગર જિલ્લામાં થયેલી ત્રણ હત્યા કેસનો આરોપી હજુ સુધી પોલીસ પકડથી દુર છે. આ સિરીયલ કિલરને શોધવા માટે પોલીસ અધિકારી-કર્મચારીઓ રાત દિવસ એક કરી રહ્યા છે. વિવિધ દિશામાં તપાસ કરવા છતા હજુ સુધી પોલીસને કોઈ ચોક્કસ દિશા મળી નથી. જિલ્લા પોલીસ સહિત અન્ય ટીમો પણ એક માસથી તપાસના ધમધમાટમાં જોડાઈ છે. પરંતુ પોલીસને એક માસના અંતે પણ માત્ર શકમંદ સિવાય કંઈ હાથમાં આવ્યું નથી. ત્યારે શહેર અને જિલ્લાના નાગરીકો સિરીયલ કિલરના ભયથી ઘરની બહાર પણ નીકળતા ડર અનુભવી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં ઘરફોડ, વાહન ચોરી, લુંટ સહિતના ગુના તો સામાન્ય બનીને રહ્યા છે. પોલીસનો ડર ગુનેગારમાં રહ્યો ના હોય તેમ

● અનુસંધાન પાના - ૭ પર




ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગોના સર્કલો પર સીસીટીવી કેમેરા તેમજ ટ્રાફિક સિગ્નલ ફીટ કરવામાં આવ્યા છે. પરંતુ શહેરના મુખ્ય ઘ-૩ સર્કલ પર વાવોલ તરફથી આવી રહેલા વાહનચાલકોને ટ્રાફીક સિગ્નલ દેખાતા નથી કારણ કે સિગ્નલ આડે વૃક્ષની ડાળી આવી જતા આ સમસ્યા સર્જાય છે. જેને પગલે વાહનચાલકો ટ્રાફિક સિગ્નલ તોડતા ઈ.મેમો ઘરે આવે તો નવાઈ નહી... તાત્કાલિક અસરથી આ વૃક્ષની ડાળી દુર કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ટચુકડી
જાહેર ખબર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## શહેરમાં સુંદરકાંડના પાઠ યોજાયા

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં રાજરાજેશ્વર મહાદેવ મંદિરમાં ત્રિ-દિવસીય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાનું આયોજન ચાલી રહ્યું છે. તે સંદર્ભે મંગળવારે રાત્રે ભારતીબાપુની વ્યાસપીઠે સે-૨૧ શાકમાર્કેટ પાસે ભવ્ય સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વે હનુમાન ભકતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



## લગ્નના રિસેપ્શનમાં પણ કેન્ડલ માર્ચ..!!!

ગાંધીનગરમાં શ્રીજી બાગ પાર્ટી પ્લોટ ખાતે કનૈયાલાલ પટેલના સુપુત્ર આશિષ અને ભરતભાઈ પટેલની સુપુત્રી પાયલના લગ્ન પ્રસંગે યોજાયેલા સત્કાર સમારંભમાં પુલવામાં ખાતે શહીદ થયેલા વીર જવાનોને વિશેષ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સત્કાર સમારંભમાં યોજોયલ કેન્ડલ માર્ચનું આયોજન તન્મય પટેલ, રાહુલ સુખડીયા, સુરજ મુંજાણી, મિત કોયાણી, ભૌમિક પટેલ, રજત જોષી અને જિજ્ઞેશ ધોરીયાણી દ્વારા કરવામાં આવ્યું હતું.